॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

નિમંત્રણ પત્રિકા





# અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ શતાબ્દી મહોત્સવ

## (પ્રથમ ચરણ)



: પ્રારંભ :
તા. ૮-૪-૨૦૨૨
ચૈત્ર સુદ-૭

: પૂર્ણાહુતિ :
તા. ૧૦-૪-૨૦૨૨
ચૈત્ર સુદ-૯


સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

નારણપુરા, અમદાવાદ-13. ફોન: 079-27682120 +91 99798 78904



ભગવાન શ્રી સ્વામિનારાયણ - શણગાર દર્શન



ભગવાન શ્રી સ્વામિનારાયણ - મંગળા દર્શન



બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન



પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન



અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા



અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ
શતાબ્દી મહોત્સવ
100
श्री स्वामिनारायण डिवाइन मिशन
सर्वजीवहितावह
1922 - 2022



સંસ્થાપક: અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન,**
**અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી, સદ્‌ગુરુઓ, સમર્થ મુક્તો તથા**
**અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈના પરમ કૃપાપાત્ર**

અ. મુ. શ્રી

શ્રીહરિની દિવ્ય સ્મૃતિસહ વિદિત થાય કે સર્વોપરી **ભગવાન શ્રી સ્વામિનારાયણ,**
**અનાદિ મહામુક્તરાજ પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી** ને સમર્થ સદ્‌ગુરુઓના લાડીલા સંતમૂર્તિ,
**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**ના આદ્ય સંસ્થાપક અને આપણા સૌના આદરણીય પ્રેરણામૂર્તિ
**ગુરુવર્ય અનાદિ મુક્તરાજ પરમ પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કરના પ્રાગટ્યને**
તા. ૧૬-૦૨-૨૦૨૨ના રોજ ૧૦૦ વર્ષ પુરા થાય છે. તે પ્રસંગે અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ શતાબ્દી મહોત્સવના પ્રથમ ચરણનું શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા
ત્રણ દિવસીય મહોત્સવનું તા. ૮-૪-૨૦૨૨ શુક્રવાર, સં. ૨૦૭૮ ચૈત્ર સુદ-૭ થી
તા. ૧૦-૪-૨૦૨૨ રવિવાર, ચૈત્ર સુદ-૯, (શ્રીહરિ જયંતી) સુધી આયોજન કરવામાં આવ્યું છે.

**પૂજ્યશ્રી નારાયણભાઈ** બાળપણથી જ ઘનશ્યામ મહારાજની મૂર્તિ સાથે પ્રત્યક્ષપણે વાતો કરતા.
ઘનશ્યામ મહારાજ પણ નારાયણભાઈને ખુબ જ લાડ લડાવતા અને સુખ આપતા.
આવી દિવ્ય સ્થિતિ ધરાવતા પૂજ્યશ્રી નારાયણભાઈનું જીવન શ્રીહરિજીના પરમ સાધર્મ્યને
પામવાના અખંડ પ્રેરણાસ્રોતસમું હતું. સફેદ વસ્ત્રોમાં રહેલા પૂજ્યશ્રી નારાયણભાઈનું નિર્મળ, ઉદાત્ત,
નિઃસ્વાર્થ, નિષ્કામ ને શ્રીહરિજીની મૂર્તિ પરાયણ જીવન સત્સંગ તેમ જ માનવ સમાજને માટે ઉદાહરણરૂપ છે.
સ્વામિનારાયણ સંપ્રદાય તથા સમગ્ર સમાજ પૂજ્યશ્રી નારાયણભાઈના આધ્યાત્મિક તેમ જ
સમાજોપયોગી સેવાકાર્યો માટે ઋણી રહેશે.

અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈએ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર - અમદાવાદમાં
રંગમહોલમાં પ્રત્યક્ષ બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની પ્રત્યક્ષ આજ્ઞાથી
'**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**' સંસ્થાની સંવત ૨૦૩૭ને વિજયાદશમી તા. ૮-૧૦-૧૯૮૧ના રોજ
સ્થાપના કરી છે. આ સંસ્થાનું '**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**'નામ પણ
રંગમહોલના શ્રી ઘનશ્યામ મહારાજે દિવ્ય તેજોમય અક્ષરથી લખીને આપેલું.

આ શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થા દ્વારા નિઃશુલ્ક સારવાર કેન્દ્ર, નિઃશુલ્ક વાંચનાલય,
રાહત દરે નોટબુક-ચોપડાનું વિતરણ, સાંસ્કારિક-આધ્યાત્મિક પ્રકાશનોનું સેવા-મૂલ્યે વિતરણ,
ગરીબ તેમ જ જરૂરીયાતમંદોને સેવા-સદાવ્રત વગેરે આધ્યાત્મિક-સામાજીક સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ
કરવામાં આવે છે. અને આ રીતે ડિવાઇન મિશન સંસ્થા સમાજના ઉત્કર્ષ માટે
એક અખંડ વહેતી મીઠી વિરડી સમ બની રહી છે.

**આ દિવ્ય મહોત્સવ પ્રસંગે આપશ્રીને સપરિવાર પધારી લાભ લેવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.**

આ મંગલ સત્સંગ બ્રહ્મયજ્ઞ મહોત્સવ પ્રસંગે શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી અને
પૂજ્યશ્રી નારાયણભાઈના ચરણકમળરૂપી અમૃત સમિપે રહેવાય એ જ અભ્યર્થના.

લિ. દર્શનાભિલાષી
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન પરિવારના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ

આ શતાબ્દી મહોત્સવની સર્વે હેતવાળા હરિભક્તો, સગાં-સંબધી, મિત્રમંડળ બધાયને
જાણ કરવા અને લાભ અપાવવા વિનંતી.

બહારગામના હરિભક્તોએ ઉતારા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

ખાસ નોંધ: જે હરિભક્તોએ વેક્સિનના બંન્ને ડોઝ લીધા હશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે.
દરેકે માસ્ક ફરજીયાત પહેરવું. તથા સરકારશ્રી એ આપેલ આદેશનું પાલન કરવાનું રહેશે.

## મહોત્સવ કાર્યક્રમ

પ્રારંભ તા. ૮-૪-૨૦૨૨ શુક્રવાર સવારે ૯:૦૦ કલાકે
પૂર્ણાહુતિ તા. ૧૦-૪-૨૦૨૨ રવિવાર બપોરે ૧૨:૦૦ કલાકે

### બ્રહ્મયજ્ઞ સભા

સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે, બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે
મહોત્સવ પ્રસંગે ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

### રાસોત્સવ

તા. ૮-૪-૨૦૨૨ શુક્રવાર રાત્રે ૭:૩૦ થી ૧૦:૩૦ કલાકે

### મહિલા મંચ

તા. ૯-૪-૨૦૨૨ શનિવાર બપોરે ૧:૦૦ થી ૨:૩૦ કલાકે

### કીર્તન સંધ્યા

તા. ૯-૪-૨૦૨૨ શનિવાર રાત્રે ૭:૩૦ થી ૧૦:૩૦ કલાકે

### શોભાયાત્રા

તા. ૧૦-૪-૨૦૨૨ રવિવાર સવારે ૭.૩૦ કલાકે

### પ્રાગટ્યોત્સવ આરતી

તા. ૧૦-૪-૨૦૨૨ રવિવાર ચૈત્ર સુદ-૯
**સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રાગટ્યોત્સવ આરતી**
રાત્રે ૧૦:૧૦ કલાકે (શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનમાં)
**અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ પ્રાગટ્યોત્સવ આરતી**
મહોત્સવ સ્થળ ઉપર સવારે ૧૦:૪૬ કલાકે

### મહોત્સવ સ્થળ

સાબરમતી રીવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર બ્લોક નં. A, વોકવે બ્રિજની બાજુમાં,
એલિસબ્રિજ અને સરદારબ્રિજ વચ્ચે એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થા દ્વારા
## આધ્યાત્મિક-સામાજીક અને સર્વજીવહિતાવહ પ્રવૃતિઓ

ધાર્મિક - આધ્યાત્મિક મૂલ્યોનું સીંચન કરતી સભાઓ તથા બ્રહ્મયજ્ઞો કરવા

સંસ્થા દ્વારા સાંસ્કારિક-આધ્યાત્મિક પ્રકાશનો કરવા તથા તેનું સેવા-મૂલ્યે વિતરણ

પૂજ્યશ્રી નારાયણભાઈ સાર્વજનિક દવાખાનું નીઃશુલ્ક સારવાર કેન્દ્ર

પૂજ્યશ્રી નારાયણભાઈ જ્ઞાનભવન ગ્રંથાલય નીઃશુલ્ક વાંચનાલય

આમ જનતા માટે સારી ગુણવત્તાવાળા નોટબુક-ચોપડાનું રાહત દરે વિતરણ

ગરીબ, વિધવા તેમ જ જરૂરીયાતમંદોને ફુડ પેકેટ, અનાજ, મેડીકલ સહાય,
સ્કૂલ ફી વગેરે રીતે મદદ કરવી.

પ્રસંગોપાત બ્લડ ડોનેશન કેમ્પ, આંખની તપાસ અને મોતિયોનું નિદાન
તથા સારવાર વગેરે કેમ્પોનું આયોજન કરવું.

॥ શ્રી સહજાનંદાય નમઃ ॥

# અમૃત બિન્દુ

આત્યંતિક કલ્યાણનું એટલે કે આત્યંતિક મોક્ષનું
સદાવ્રત ચલાવનાર મુક્તમંડળ એટલે
સ્વામિનારાયણ ડિવાઇન મિશન.

હું અખંડ પુરુષોત્તમરૂપ છું અને ભગવાનની મૂર્તિમાં
- પ્રભુના સ્વરૂપમાં રસબસ રહેલો મુક્ત છું એવું અનુભવાય
એનું નામ અનાદિમુક્તની સ્થિતિ.

ભગવાનના આશ્રિત ક્યારે કહેવાય?
કે આપણા ઠરાવ બધા પડ્યા મૂકવાના
અને ભગવાન કહે તેમ કરવાનું.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ
શતાબ્દી મહોત્સવ
1922 - 2022

# અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ
# શતાબ્દી મહોત્સવ (અંતિમ ચરણ)
## ભવ્યાતિભવ્ય આયોજન
## તા. ૧૬-૨-૨૦૨૩

: નિમંત્રક :

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ-13. ફોન: 079-27682120

: આયોજક :

**પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ સેવા ટ્રસ્ટ**

૧, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ-13. ફોન: 079-66317677

Website: www.shriswaminarayandivinemission.org | Email: info@shriswaminarayandivinemission.com

**લાઈવ પ્રસારણ**

YouTube

www.YouTube.com/shriswaminarayandivinemission